પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૬૬, કુલ પાના:૪, તારીખ: ૦૯-૦૩-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 166 PRICE :-RS. 1.50 DATE : 09-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### મરાઠા અનામત મામલે સુપ્રિમમાં સુનાવણી, તમામ રાજ્યોને નોટિસ જાહેર કરી

## શું અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારી શકાય?: સુપ્રિમનો રાજ્યોને સલાલ

ન્યુ દિલ્હી,

શિક્ષણ અને નોકરીઓમાં મરાઠા સમુદાયને અનામત આપવા સંબંધિત મહારાષ્ટ્રના ૨૦૧૮ના કાયદાને લઈ દાખલ અરજી પર સોમવારથી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અનામતના મામલા પર તમામ રાજ્યોને સાંભળવા આવશ્યક છે. એવામાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારોને નોટિસ જાહેર કરી છે અને પૂછ્યું છે કે શું અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારી શકાય છે? મરાઠા અનામત પર આ સુનાવણીને ૧૫ માર્ચ સુધી ટાળવામાં આવી છે.



ગયા વર્ષે ૯ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મહારાષ્ટ્રના ૨૦૧૮ના કાયદા સાથે જોડાયેલા મુદ્દાઓ પર ત્વરિત સુનાવણી કરવી જરૂરી છે કારણ કે કાયદો સ્થગિત છે અને લોકો સુધી તેનો ફાયદો પહોંચી નથી રહ્યો. નોંધનીય છે કે નોકરીઓ અને એડમિશનમાં મરાઠા સમુદાયના લોકોને અનામત આપવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી) કાયદો ૨૦૧૮ને લાગુ કરવામાં આવ્યો હતો.

સોમવારે મામલાની સુનાવણી દરમિયાન વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે આ મામલામાં આર્ટિકલ 342Aની વ્યાખ્યા પણ સામેલ છે. એવામાં આ તમામ રાજ્યોને પ્રભાવિત કરી શકાય છે. તેથી એક અરજી દાખલ થઈ છે. તેમાં કોર્ટને તમામ રાજ્યોને સાંભળવા જોઈએ. મુકુલ રોહતગીએ કહ્યું કે તમામ રાજ્યોને સાંભળ્યા વગર આ મામલા પર નિર્ણય ન લઈ શકાય.

જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતાવાળી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આ મામલાની સુનાવણી કરી રહી છે. આ બેન્ચમાં જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ, જસ્ટિસ એસ. અબ્દુલ નજીર, જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ પણ છે. આ પહેલાની સુનાવણીમાં બેન્ચે કહ્યું હતું કે તેઓ આ મુદ્દા ઉપર પણ દલીલો સાંભળશે કે ઈન્દિરા સાહની મામલામાં ઐતિહાસિક નિર્ણય જેને 'મંડલ ફેસલા' નામથી ઓળખવામાં આવે છે તેની પર પુનઃ વિચાર કરવાની આવશ્યક્તા છે કે નહીં.

નોંધનીય છે કે, મહારાષ્ટ્રમાં મરાઠાઓને અનામત આપવાની વાત લાંબા સમયથી ચાલી રહી છે. વર્ષ ૨૦૧૮માં રાજ્ય સરકારને શિક્ષણ-નોકરીમાં ૧૬ ટકા અનામત આપવાનો કાયદો બનાવવામાં આવ્યો છે. જોકે હાઈકોર્ટે તેમના એક આદેશમાં તેની સીમા ઘટાડી દીધી હતી.

પરંતુ જ્યારે કેસ સુપ્રીમ કોર્ટ પહોંચ્યો ત્યારે સુપ્રીમ કોર્ટે તેના પર પ્રતિબંધ લગાવી દીધો હતો. સુપ્રીમ કોર્ટે આ કેસ એક મોટી બેન્ચને સોંપી દીધો છે અને અલગ રીતે તેની સુનાવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## વિધાનસભા સત્રમાં ખુલાસોઃ રાજ્યમાં ૭૧ IAS, ૫૦ IPSની જગ્યાઓ ખાલી

ગાંધીનગર,

નોકરીઓ ખુબ જ ઓછા લોકોને મળી છે. તેવામાં આજે વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે, ગુજરાતમાં ૭૧ આઈએએસ, ૫૦ આઈપીએસની જગ્યાઓ ખાલી છે. ૨૩ આઈએએસ, ૨૦ આઈપીએસ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. સચિવાલયમાં ઉપસચિવ વર્ગ – ૧ની ૯૩ જગ્યા ખાલી છે. સેક્શન અધિકારી વર્ગ – ૨ની ૧૦૭ જગ્યા ખાલી છે. વહીવટી અનુકુળતાએ જગ્યા ભરાશે તેવું સરકારે જણાવ્યું છે. રાજ્ય પોલીસ દળમાં બે વર્ષમાં ૧૧૦૦૦થી વધુની ભરતી કરી છે. સિદ્ધપુરના



ધારાસભ્ય ચંદનજી ઠાકોરના પ્રશ્નના લેખિત જવાબમાં સામાન્ય વહીવટ વિભાગે જણાવ્યું હતું કે, રાજ્યમાં ૭૧ આઈએએસ અધિકારીઓની ખાલી જગ્યા હોવાનો સ્વીકાર રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યમાં ૩૧૩ આઈએએસ અધિકારીઓની કુલ જગ્યાઓ મંજૂર થયેલી છે તેમાંથી ૭૧ જગ્યા ખાલી પડી છે.

૨૩ આઈએસ અધિકારીઓ દિલ્હીમાં કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલા છે. આ ઉપરાંત વહીવટી વિભાગે જણાવ્યું કે સચિવાલયમાં ઉપસચિવ વર્ગ ૧ની ૯૩ જગ્યો ખાલી છે. કુલ જગ્યાના ૫૦% જગ્યાઓ ખાલી હોવાનો સરકારે સ્વીકાર કર્યો છે. કુલ ૧૮૬ જગ્યાઓ પૈકી માત્ર ૯૩ જગ્યો ભરાયેલ છે. સેક્શન અધિકારી વર્ગ ૨ ના મંજુર મહેકમના ૧૦૭ જગ્યાઓ ખાલી છે. કુલ ૫૩૫ જગ્યાઓના મહેકમ સામે ૧૦૭ જગ્યાઓ ખાલી છે. વહીવટી અનુકુળતાએ જગ્યાઓ ભરવા સરકારનો જવાબ છે. કોંગ્રેસના ધારાસભ્ય સી જે ચાવડાના પ્રશ્નમા સરકારનો લેખિતમાં જવાબમાં રાજ્યમાં હજુ પણ ૫૦ આઈપીએસની ઘટ છે. હયાત અધિકારીઓ પૈકી ૨૦ અધિકારીઓ દિલ્હીમાં ડેપ્યુટેશન પર છે. રાજ્યમા કુલ ૨૦૮ આઈપીએસ અધિકારીઓનુ મહેકમ છે.

હાલ ૧૫૮ જગ્યાઓ ભરાયેલ છે. આ ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્ય શિવાભાઈ ભુરિયાના સવાલમા સરકારનો જવાબ હતો કે રાજ્યમાં પોલીસ દળમાં છેલ્લા બે વર્ષમાં સીધી ભરતીમાં ૧૧૦૦૦થી વધુ કર્મચારીઓ અધિકારીઓની સીધી ભરતી કરી છે. બિનહથિયાર નાયબ પોલીસ અધિક્ષકમાં ૪ની ભરતી કરી છે. બિન હથિયાર પોલીસ ઈન્સ્પેકટરમાં ૧૨૨ની ભરતી કરી છે. બિનહથિયાર પોલીસ કોન્સ્ટેબલમાં ૩૯૮૦ની ભરતી કરી છે. હથિયારી પોલીસ કોન્સ્ટબલમાં ૭૫૪૬ની ભરતી કરી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત, ૫ દિવસમાં ૧૧ આંચકા

કચ્છ,

કચ્છમાં આજે વહેલી સવારે ૭.૪૨ મિનિટે ૩.૨ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ દુધઈથી ૧૮ કિલોમીટર દુર છે. વહેલી સવારે ભૂકંપનો આવતા લોકોની હરામ થઈ ગઈ હતી અને સુતા લોકો જાગીને ઘરની બહાર દોડી આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂકંપ કચ્છમાં અવારનવાર આવ્યા કરે છે. કચ્છમાં છેલ્લા પાંચ દિવસમાં ૧૧ આંચકા અનુભવાયા છે. સવારે કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેનું કેન્દ્રબિંદુ કચ્છના રાપરથી ૧૪ કિલોમીટર દૂર હોવાનું માલૂમ પડ્યુ હતુ. આ ભૂકંપની તીવ્રતા ૩.૯ રિક્ટર સ્કેલ નોંધાઈ હતી. ભુસ્તરશાસ્ત્રીઓએ



કચ્છ મેઈન ફોલ્ટ લાઈન પર કરેલા અભ્યાસ બાદ આ તારણ બહાર આવ્યું છે.

આ ફોલ્ટ લાઈન પર છેલ્લા ૧ હજાર વર્ષથી મોટા ભુકંપ આવ્યો ન હોવાથી જમીન ઉર્જા વધી રહી છે. જે ગમે ત્યારે બહાર આવવા માટે મોટો ભુકંપ આવી શકે છે. જેમાં કચ્છના અંજાર અને ગાંધીધામની સાથે અમદાવાદમાં પણ ભયાનક નુકસાન થવાનો અંદાજ છે. નોંધનીય છે કે, કચ્છ યુનિવર્સિટી સંશોધકો અને ગાંધીનગરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ કચ્છ દ્વારા મેઈનલેઈન્ડ ફોલ્ડ લાઈન પર સંશોધન કરવામાં આવ્યું હતું.


આ ફોલ્ટ લાઈન જમીનના પેટાળમાં લખપતથી લઈને ભચાઉ સુધી ૧૫૦ કિલોમીટર જેટલી લાંબી લાઈન છે. ગત્ત મહિને અરેબિયન જર્નલ ઓફ ઓફ જિયો સાયન્સમાં આ અંગેનો અભ્યાસ લેખ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ ફોલ્ટ લાઈનમાં ક્યારે ભૂકંપના આંચકા આવ્યા તે જાણવાનો પ્રયાસ કરાયો હતો. જેમાં આ લાઈનમાં ૫૬૦૦ વર્ષથી છેલ્લે ૧૦૦૦ વર્ષ વચ્ચે ચાર મોટા ભુકંપના આવ્યા હોવાનું તપાસ બાદ બહાર આવ્યું હતું.

## ઈસરો ૨૮ માર્ચે જીઓઈમેઝિંગ સેટેલાઈટ લોન્ચ કરવાની તૈયારીમાં

બેંગ્લુરુ,

સરહદ પરની ગતિવિધિઓ પર બાજનજર રાખી શકાય તે દૃષ્ટિએ ભારત ૨૮મી માર્ચે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છોડવા તૈયારી કરી રહ્યું છે. આંધ્ર પ્રદેશના નેલ્લોર જિલ્લામાં આવેલા શ્રીહરિકોટા સ્પેર્સપોર્ટથી જીએસએલવીએફ-૧૦ રોકેટ વડે સ્પેસમાં જીઆઈએસએટી-૧ છોડવામાં આવશે.

બેંગલૂરુમાં હેડકવાર્ટર ધરાવતા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના એક અધિકારીએ કહ્યું કે 'હવામાન સાનુકૂળ હશે તો ૨૮મી માર્ચે જીઓઈમેઝિંગ સેટેલાઈટ લોન્ચ



કરવાની અમારી યોજના છે.

રોકેટ અવકાશયાનને જિયોસિક્રોનસ ઓર્બિટમાં દાખલ કરશે અને તે પછી ઓનબોર્ડ પ્રોપ્લઝન સિસ્ટમની મદદથી સેટેલાઈટને પૃથ્વીના ઈવેકટરની ઉપર ૩૬૦૦૦ કિલોમીટર પર આવેલી જિયોસ્ટેશનરી ઓર્બિટમાં ગોઠવવામાં આવશે. આ અગાઉ પાંચમી માર્ચ ૨૦૨૦ની તારીખે જીઆઈએસએટી-૧ લોન્ચ કરવાની યોજના હતી, પણ ટેક્નિકલ કારણોને લઈને લોન્ચિંગ કરવામાં આવ્યું ન હતું.

ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસના એક અધિકારીએ કહ્યું કે 'ભારત માટે આ સેટેલાઈટ ગેમચેન્જર બની રહેશે. સેટેલાઈટના હાઈરિઝોલ્યુશન કેમેરાઓ દ્વારા ભારતીય સરહદ, દેશનો વિસ્તાર અને સમુદ્રો પર ચાંપતી નજર રાખી શકાશે.' કુદરતી આફતોની પરિસ્થિતિમાં પણ સેટેલાઈટ પર નજર રાખવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. કૃષિ, વનિકરણ આફતની ચેતવણી, વાદળો, હિમવર્ષા, હિમશિલાઓ અને ઓસનોગ્રાફી બાબતમાં પણ મહત્ત્વનું નિરીક્ષણ થઈ શકશે તેવું અધિકારીએ કહ્યું હતું. એપ્રિલ મહિનામાં સ્મોલ સેટેલાઈટ લોન્ચ વેહિકલ (એસએસએલવી)નું પરીક્ષણ કરવામાં આવશે તેવું સ્ત્રોતોથી જાણવા મળ્યું છે. એસએસએલએવી ૫૦૦ કિલોગ્રામના સેટેલાઈટ, ૫૦૦ કિલોમીટર લો અર્થ ઓર્બિટ (એલઈઓ) અને ૩૦૦ કિલોગ્રામ સન સિક્રોન્સ ઓર્બિટ (એસએસઓ)માં લોન્ચ કરવાની ક્ષમતા ધરાવે છે.

## પશ્ચિમ બંગાળમાં TMCના પાંચ ધારાસભ્યો ભાજપમાં જોડાયા



કોલકાત્તા,

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા મમતા બેનર્જીને ફરી મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે ટીએમસીના પાંચ ધારાસભ્યો પાર્ટી છોડી ભાજપમાં સામેલ થઈ ગયા છે. જે ટીએમસી નેતાઓએ મમતા બેનર્જીનો સાથ છોડ્યો છે તેમાં સોનાલી ગુહા, દીપેન્દૂ બિસ્વાસ, રબિન્દ્રનાથ ભટ્ટાચાર્ય, જટૂ લાહિડી, શીતલ સરદાર અને હબીબપુરથી ટીએમસી ઉમેદવાર સરલા મુર્મૂ સામેલ છે.

આ બધા સોમવારે પશ્ચિમ બંગાળ ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષ, શુભેંદુ અધિકારી અને મુકુલ રોયની આગેવાનીમાં ભાજપમાં જોડાયા છે. રબિન્દ્રનાથ ભટ્ટાચાર્ય ૨૦૦૧થી સિંગુર વિધાનસભા સીટથી ટીએમસી ધારાસભ્ય રહ્યા છે. તેઓ સિંગુરના મુખ્ય ચહેરાઓમાંથી એક છે. આ વખતે પાર્ટીએ તેમને ટિકિટ આપી નથી.

ટીએમસી ૨૯૧ સીટો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરી ચુકી છે, જેમાં ૫૦ મહિલાઓને ટિકિટ આપવામાં આી છે. ૨૦૧૬મા પાર્ટીએ ૪૫ મહિલાઓને ઉમેદવાર બનાવી હતી. આ વખતે પાંચ ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવી નથી. ટિકિટ અપાયા પહેલા પણ ઘણા દિગ્ગજ નેતાઓ ટીએમસીનો સાથ છોડી ચુક્યા છે.

મહત્વનું છે કે બંગાળ વિધાનસભાની ૨૯૪ સીટો માટે આઠ તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કામાં ૩૦ વિધાનસભા સીટો માટે ૨૭ માર્ચે મતદાન થશે. તો એક એપ્રિલે બીજા, ૬ એપ્રિલે ત્રીજા, ૧૦ એપ્રિલે ચોથા, ૧૭ એપ્રિલે પાંચમાં તબક્કા માટે મતદાન થશે. છઠ્ઠા તબક્કામાં ૨૨ એપ્રિલે, સાતમાં તબક્કામાં ૨૬ એપ્રિલ અને અંતિમ તબક્કા માટે ૨૯ એપ્રિલે મતદાન થશે. મતગણના ૨ મેએ થશે.

## ચીન અને ભારત એકબીજાના મિત્ર': ચીન વિદેશપ્રધાન

બીજિંગ/ન્યુ દિલ્હી,

લદ્દાખ સરહદેથી ચીન અને ભારતે પોતાની સેનાને પાછળ હટાવ્યા બાદ હવે ડ્રેગને ફરી વાર દોસ્તીનો રાગ આલાપ્યો છે. ચીનના વિદેશપ્રધાન વાંગ યીએ જણાવ્યું કે, 'ચીન અને ભારત એકબીજાના મિત્ર અને ભાગીદાર છે. બંને એકબીજા માટે ખતરો નથી.'

પેંગોંગમાં બંને દેશોની સેના પાછળ હટ્યા બાદ વાંગ યીની ભારત-ચીનના સંબંધો પર આ પહેલી ટિપ્પણી છે. વાંગ યીએ જણાવ્યું કે, 'ચીન-ભારતના સંબંધો એવાં છે કે જેવી રીતે દુનિયાના બે સૌથી મોટા વિકાસશીલ દેશો એકસાથે મળીને વિકાસ અને કાયાકલ્પને આગળ ધપાવે છે.' આ પહેલાં ચીનમાં નિયુકત ભારતના રાજદૂત વિક્રમ મિસ્ત્રીએ ચીનના ઉપવિદેશપ્રધાન લુઓ ઝાઓહુઈ સાથે મુલાકાત કરી. તેમણે પૂર્વીય લદ્દાખના બાકીના વિસ્તારોમાંથી બંને દેશોની સૈનિકોની વાપસીની પ્રક્રિયા પૂરી કરવાની જરૂરિયાત પર ભાર મુકયો.


તેમણે કહ્યું કે, 'આના કારણે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવી રાખવામાં મદદ મળશે. આ સાથે જ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષિય સંબંધોની પ્રગતિ માટે પણ અનુકૂળ માહોલ બનશે.' તેઓએ પૂર્વી લદ્દાખ ગતિરોધની સીધી રીતે રજૂઆત કર્યા વગર જ જણાવ્યું કે, 'સીમાવર્તી ક્ષેત્રમાં ગયા વર્ષે જે કંઈ સાચું કે ખોટું થયું તે સ્પષ્ટ છે.' વાંગે કહ્યું કે, 'અમે સીમા વિવાદ વાર્તા અને પરામર્શના આધારે હલ કરવા પ્રતિબદ્ધ છીએ. આ સાથે જ અમે અમારા સાર્વભૌમ અધિકારોની પણ રક્ષા કરવાનો સંકલ્પ લઈએ છીએ.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નિવેદન

## સિંધિયા કોંગ્રેસમાં નિર્ણાયક ભૂમિકામાં હતા, ભાજપમાં પાછળની સીટ પર બેઠા છે

ન્યુ દિલ્હી,

કૉંગ્રેસના પૂર્વ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાને પાર્ટી છોડ્યે ભલે ઘણો સમય પસાર થઈ ગયો હોય, પરંતુ તેમને લઈને કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું નિવેદન અવાર-નવાર આવતુ રહે છે. રાહુલ ગાંધીએ યૂથ કૉંગ્રેસના કાર્યક્રમમાં કહ્યું કે, સિંધિયા જે કૉંગ્રેસમાં નિર્યાણક ભૂમિકામાં હતા, બીજેપીમાં પાછળની સીટ પર બેઠા છે. રાહુલે કહ્યું કે, લખીને લઈલો, બીજેપીમાં સીએમ નહીં બની શકો. પાછું આવવું પડશે.



દિલ્હીમાં ભારતીય યુથ કોંગ્રેસના બે દિવસીય કારોબારીમાં ભાગ લેવા પહોંચેલા કૉંગ્રેસ નેતા અને પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જ્યોતિરાદિત્ય સિંધિયાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આજે તેઓ ક્યાં બેઠા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાહુલ ગાંધીએ કહ્યું કે, બીજેપીમાં તેમને પાછળની સીટ પર જગ્યા મળી રહી છે અને કૉંગ્રેસમાં જ્યારે હતા ત્યારે તેઓ અમારી સાથે બેસતા હતા અને નિર્યાણક ભૂમિકામાં રહેતા હતા.


સિંધિયાજી જ્યારે મારી પાસે આવ્યા હતા ત્યારે મે તેમને કહ્યું હતુ કે, મહેનત કરો આવનારા સમયમાં મુખ્યમંત્રી હશો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાહુલ ગાંધીએ કહ્યું કે, કૉંગ્રેસ દરિયો છે. સૌ માટે દરવાજા ખુલ્લા છે અને કોઈને પાર્ટીમાં આવવાથી કોઈ નહીં રોકે અને જેઓ કૉંગ્રેસની વિચારધારા સાથે મતલબ નથી રાખતા તેમને જતા પણ કોઈ નહીં રોકે.

યૂથ કૉંગ્રેસ કાર્યકર્તાએ રાહુલ ગાંધી સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો કે જે લોકો પાર્ટી છોડીને ફરી આવે છે તેમને પાર્ટીમાં પછી નિર્ણાયક ભૂમિકા મળી જાય છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાહુલ ગાંધીએ કાર્યકર્તાઓના જવાબમાં કહ્યું કે, જે લોકો પાર્ટી છોડીને ફરી પાછા આવે છે, તેમને નિર્ણાયક ભૂમિકામાં આવવામાં સમય લાગશે. યૂથ કૉંગ્રેસ કાર્યકર્તાઓને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે RSS અને BJP વિચારધારાથી લડવાનું કામ કરો.

## ગુજરાત-મહારાષ્ટ્ર સહિત ૯ રાજ્યોમાં કોરોના કહેર વધ્યો: ઔરંગાબાદમાં આંશિક લોકડાઉન લાગુ

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના કેસમાં વધારો જે અત્યાર સુધી મહારાષ્ટ્ર અને પંજાબ સુધી સિમિત હતો તે હવે અનેક રાજ્યોમાં જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્ર, કેરળ, પંજાબ, તમિલનાડુ, મધ્ય પ્રદેશ, દિલ્હી, ગુજરાત, કર્ણાટક, અને હરિયાણામાં દૈનિક કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આ રાજ્યોની સરકારો પણ અલર્ટ મોડ પર છે. નવા કેસની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૫૯૯ નવા દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૯૭ લોકોના મૃત્યુ થયા છે.




કેન્દ્ર સરકાર સતત દૈનિક કોરોનાના નવા કેસ મામલે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સ્થિતિ પર નજર રાખી રહી છે. આ સાથે જ કેન્દ્રએ મહારાષ્ટ્ર અને પંજાબમાં ઉચ્ચ સ્તરીય ટીમોની નિયુક્તિ કરી છે. જ્યાં રોજેરોજ નવા કેસમાં વધારો થઈ રહ્યો છે.

દેશમાં કોરોનાની સ્થિતિની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮,૫૯૯ નવા કેસ જોવા મળ્યા છે. આ સાથે જ કુલ કેસની સંખ્યા ૧,૧૨,૨૯,૩૯૮ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૧,૦૮,૮૨,૭૯૮ લોકો કોરોનાને માત આપીને સાજા થઈ ગયા છે. જ્યારે ૧,૮૮,૭૪૭ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. દેશમાં એક જ દિવસમાં કોરોનાથી ૯૭ લોકોના મોત થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૫૭,૮૫૩ પર પહોંચી ગયો છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૧ હજાર પાર ગઈ છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા ૧૧૧૪૧ કેસ સામે આવ્યા છે. ૧૬ ઓકટોબર બાદ પહેલીવાર આટલા કેસ આવ્યા છે. કોરોનાના કારણે રાજ્યમાં એક દિવસમાં ૩૮ લોકોના મોત થયા છે.

# વિશ્વ મહિલા દિનની જિલ્લા કક્ષાની લુણાવાડા ખાતે દબદબાભેર ઉજવણી

લુણાવાડા, ૮મી માર્ચ નો દિવસ સમ્રગ વિશ્વમાં વિશ્વ મહિલા દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજના દિવસે મહીસાગર જિલ્લાની જિલ્લા કક્ષાની ઉજવણી વરીષ્ઠ અધિકારીઓ, સામાજિક સેવાભાવી સંસ્થાઓ તથા વિવિધ મહિલાલક્ષી માળખાઓના સંયુક્ત ઉપક્રમે જિલ્લા મથક લુણાવાડાના લાઈબ્રેરી હોલ ખાતે લુણાવાડા પ્રાન્ત અધિકારી બ્રિજેશ મોડીયાની અદ્યક્ષતામાં અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના વરીષ્ઠ વકીલ મહેરા, સમાજ સુરક્ષા



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

અધિકારી, સારથી સંસ્થાના રવિન્દ્રસિંહ સિસોદીયા, JCI સંસ્થાના સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યા, વિવિધલક્ષી મહિલા કેન્દ્રના ભાવનાબેન પટેલ અને દહેજ પ્રતિબંધક અધિકારીની ઉપસ્થિતીમાં યોજાઇ હતી.

આ પ્રસંગે અદયક્ષ સ્થાનેથી સંબોધતા પ્રાન્ત અધિકારી મોડીયાએ વિશ્વ મહિલા દિવસનું મહત્વ સમજાવતા જણાવ્યું હતુ કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવી સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને દયાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે અને મહીલાઓ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધે તે માર્ગદર્શન આપી સામાજિક જીવનમાં મહિલાઓએ મેળવેલ સિધ્ધીઓને બિરદાવી હતી.

આ કાર્યક્રમમાં મહિલા સશક્તિકરણને લઈને ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ . જિલ્લામાં વિવિધલક્ષી માળખાઓ જેમકે, ૧૮૧ અભયમ હેલ્પલાઇન, પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર, વન સ્ટોપ સેન્ટર, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો, સરકારની વિવિધ મહિલા લક્ષી યોજનાઓ તથા કાયદાઓની માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કુલ ૩૯ દિકરીઓને વ્હાલી દિકરી યોજના ના મંજુરી હુકમ વિતરણ કરવામાં આવ્યુ હતુ. વર્તમાન કોવીડ-૧૯ ની પરીસ્થિતીને દ્યાને લઇ માસ્ક સેનીટાઇઝર, ટેમ્પેચર ગન, વિગેરેની જરૂરી સુવિધા સાથે આ કાર્યક્રમનું જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી લુણાવાડા દ્વારા સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યુ હતુ.

# લુણાવાડા તાલુકા હેલ્થ ઓફીસ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

લુણાવાડા, આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષે ૮મી માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને ધ્યાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ મહીલાઓ પણ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધે તેવા આશય સાથે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે બેટી બચાવો બેટી પઢાઓ યોજના થીમ પર મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે તાલુકા હેલ્થ ઓફિસ લુણાવાડા દ્વારા મહિલા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને લુણાવાડા



પ્રાન્ત અધિકારી બ્રિજેશ મોડીયાએ આ મહિલા જાગૃતિ રેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાયું હતું.

આ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજાયેલ રેલીમાં આશાબેનો દ્વારા મહીલાઓમાં જાગૃતિ આવે તે માટે બેટી બચાવો બેટી પઢાઓ યોજના થીમ અંગેના બેનર્સ અને પ્લે કાર્ડ સહિત આ રેલી તાલુકા હેલ્થ ઓફિસ થી નિકળી લુણાવાડા બસ સ્ટેન્ડ થઇ પરત તાલુકા હેલ્થ ઓફિસ આવી પૂર્ણ થઇ હતી. આ પ્રસંગે સિવિલ અધિક્ષક ડો. જે. કે. પટેલ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.જે.કે. પટેલ ઉપસ્થિતિ રહયાં હતા.

# મહીસાગરમાં આજે ૯ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૨૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષના, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રીળ અને ૦૨ પુરૂષના અને ૦૧ વિરપુર તાલુકાના પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૨૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી અને ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લાવમાં અત્યાર સુધીમાં કુલ ૨૦૩૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૩૫૫૮૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૦ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૫ દર્દી હોમ આઈસોલેશન અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ અને ૧૨ દર્દીઓ ઓક્સિજન પર છે.



મોરવા હડફ તાલુકા પંચાયતના હોલમાં આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી કલ્પેશ પટેલની અદયક્ષતામાં કરવામાં આવી હતી. ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી એ મહિલા દિવસનું મહત્વ સાથે ઊપસ્થિત મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# પંચમહાલ જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા ખેડુતો માટે જાહેરાત

ગોધરા, નાયબ બાગાયત નિયામક, ગોધરાની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર પંચમહાલ જીલ્લોમાં બાગાયતી પાકોની ખેતી કરતા ખેડુતોને બાગાયત ખાતાની વિવિધ વ્યકિતલક્ષી સહાય યોજનાઓનો લાભ મળી રહે તે આશયથી રાજ્ય સરકારએ સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષ માટે આઈ-ખેડુત પોર્ટલ https://ikhedut.gujarat.gov.in/ તા.૦૬-૦૩-૨૦૨૧ થી ૩૦-૦૪-૨૦૨૧ સુધી અરજી કરવા ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જેમાં સામાન્ય જાતિ,અનુસુચિત જન જાતિ તથા અનુસૂચિત જાતિના તમામ પ્રકારના ખેડુતોને સહાય મેળવવી હોય તો વિવિધ યોજનાઓ માટે ખેડુતોએ ગ્રામ પંચાયત ખાતેના ઈ-ગ્રામ સેન્ટર પર વી.સી.ઈ મારફત અથવા ઈન્ટરનેટના માદયમ દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજીની નકલ, ૮- અ, ૭/૧૨ (ચાલુ વર્ષની અસલ કોપી), જાતિની દાખલો, આધારકાર્ડ તથા આધારલીંક બેંક પાસબુકની નકલ સાથે દિન-૭માં નાયબ બાગાયત નિયામકની કચેરી, જીલ્લાવ સેવા સદન-૨, બીજો માળ, ગોધરા જી.પંચમહાલ ખાતે પહોંચાડવાની રહેશે. વધુ વિગત માટે ફોન નં-૦૨૬૭૨-૨૪૦૦૩૯ ઉપર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકની આ અખબારી યાદીમા જણાવાયું છે.

# ગોધરા અંકલેશ્વર મહાદેવ મંદિર રોડ ઉપર જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા, ગોધરા અંકલેશ્વર મહાદેવ રોડ આવેલ સીમેન્ટ ડેપોની બાજુમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમી રહ્યા હોય તે સ્થળે એ ડીવીઝન પોલીસે રેડ કરી હતી. ત્રણ જુગારીયાને ઝડપી પાડયા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર આવેલ સિમેન્ટ ડેપોની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા હતા. તેવી બાતમીના આધારે એ ડીવીઝન પોલીસે રેડ કરી રાજેશ જગમલભાઈ દંતાણી, મનોજ રાજુભાઈ દંતાણી, પ્રવિણ દિલીપભાઈ દંતાણીને દાવ ઉપર મુકેલ તથા અંગઝડતીમાં ૨૭૮૦/- રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૮-૦૯-૨૦૨૧, મંગળવાર, મહા વદ-૧૧, સૂર્યોદય-૬-૩૮, સૂર્યાસ્ત-૬-૨૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: ઉત્તરાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# સુરત RTO કચેરીમાં ખુલ્લેઆમ લાલિયાવાડી: બોગસ લાઈસન્સ આવ્યું સામે

ગાંધીનગર, સુરત આરટીઓ કચેરીના કારણે આજે એક ગરીબ વ્યક્તિ હેરાન પરેશાન થઈ ગયો છે, અરજદારે લાઈસન્સ માટે અરજી કરી નથી, છતાં તેના ઘરે લાઈસન્સ બનીને આવી ગયું છે. આ એક બોગસ લાઈસન્સ જે પુરવાર કરે છે કે સુરત આરટીઓ કચેરીમાં ખુલ્લેઆમ લાલિયાવાડી ચાલી રહી છે અને ધોળા દિવસે બોગસ લાઈસન્સ બની રહ્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, સુરત શહેરમાં એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. બે જુદી-જુદી વ્યક્તિનો એક જ નંબર, નામ, સરનામાવાળું લાઈસન્સ બે વ્યક્તિ ધરાવતા હોવાનું સામે આવ્યું છે. આ વ્યક્તિ ને કઈ અજુગતું લાગતા સંદેશ ન્યુઝ ચેનલ સંપર્ક કર્યો હતો અને આખે આખી વાત જણાવી હતી. તમે પણ આ વાત સાંભળી ચોંકી જશો.




સુરત આરટીઓમાંથી લાઈસન્સ નંબર જીજેઓવાય૨૦૧૧૦૮૪૭૬૦૮ નંબરનું ડ્રાઈવિંગ લાઈસન્સ ઈશ્ય કરાયું હતું. આ લાઈસન્સ રામદાસ ધુલીચંદ પારેના નામે છે. તેમજ લાઈસન્સમાં પાલનપુર જકાતનાકાનું સરનામું છે. હવે આ એક જ નામના લાઈસન્સ બે અલગ અલગ વ્યક્તિના ફોટોવાળા ઈશ્યૂ થયાં છે, એટલે કે લાઈસન્સ નંબર, નામ, સરનામું તમામ વિગત સરખી, માત્ર ફોટો અલગ અલગ. હવે આ બે ફોટોવાળા લાઈસન્સમાં કોનું સાચું અને કોનું ખોટું લાઈસન્સ ખોટું.. તે મુદ્દે આરટીઓની મૂંઝવણ વધી ગઈ છે.

લાઈસન્સમાં એક જ વ્યક્તિનું નામ, સરનામું ધરાવતી બે વ્યક્તિના ફોટોવાળું લાઈસન્સ ઈશ્યૂ થયું છે એ વાત તો પાક્કી દેખાઈ જ રહી છે, જ્યારે અસલ વ્યક્તિ દ્વારા અરજી કરવામાં આવી નથી. તો આ બીજું લાઈસન્સ કેવી રીતે બની ગયું છે એ તો તપાસનો વિષય છે. ઉપરાંત સુરત આરટીઓની અંદર અને બહાર ટાઈટોને રૂપિયા આપો તો જ તમારું કામ વહેલું થાય છે. તેવી અનેક ફરિયાદો પણ ઉઠી છે. આ સમગ્ર મામલે સુરત આરટીઓ કચેરીમાં ચાર્જ સંભાળતા ઈન્ચાર્જ આરટીઓએ ખરેખર તપાસ કરવી જોઈએ કે બોગસ લાઈસન્સ વગર અરજીએ કેવી રીતે બની ગયું અને અન્ય વ્યક્તિના ઘરે કેવી રીતે પહોંચી ગયું છે.

# રાજ્યસભામાં ચૂંટાયેલા ગુજરાતના બે સાસંદોએ લીધા અલગ અલગ ભાષામાં શપથ

સુરત, ગુજરાતમાંથી રાજ્યસભામાંથી ખાલી પડેલી બે બેઠકો પર ભાજપના દિનેશ અનાવાડીયા અને રામભાઈ મોકરીયાએ રાજયસભાના સાંસદ તરીકે સોમવારે શપથ લીધા હતા. આ બંને સાંસદોએ અલગ અલગ ભાષામાં શપથ લીધા હતા, તે જાણીને તમે પણ આશ્ચર્યમાં મુકાઈ જશો. રાજયસભામાં દિનેશ અનાવડિયાએ રાજયસભા સાંસદ તરીકે સંસ્કૃત ભાષામાં શપથ લીધા હતા, જયારે બીજા સાંસદ રામભાઈ મોકરીયાએ રાજયસભાના સાંસદ તરીકે હિંદી ભાષામાં શપથ લીધા હતા.

આપને જણાવી દઈએ કે, કોંગ્રેસના સાંસદ અહેમદ પટેલ અને ભાજપના અજય ભારદ્વાજના નિધન બાદ ગુજરાતમાં રાજયસભાની બે બેઠકો ખાલી પડી હતી, ત્યારબાદ ખાલી પડેલી બે બેઠકો પર ભાજપનાં બંને ઉમેદવારો રામભાઈ મોકરીયા અને દિનેશભાઈ અનાવડિયા ઉર્ફે દિનેશ પ્રજાપતિ બિનહરીફ ચૂંટાયા હતા.

# શિક્ષકોને હોમફોર લર્નીંગના ભાગરૂપે ઘરે પહોંચી અભ્યાસ કરાવવાના આદેશ


નડિયાદ, ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૧થી ૫માં અભ્યાસ કરતા ભુલકાઓનું શિક્ષણ ન બગડે તે માટે શિક્ષકોને હોમફોર લર્નીંગના ભાગરૂપે ઘરે પહોંચી અભ્યાસ કરાવવાના આદેશ છુટ્યા છે. જેમાં વાલીઓની રજુઆતના પગલે ફળીયામાં આઠથી દસ બાળકોને શિક્ષક અભ્યાસ કરાવશે. શિક્ષણ હબ ગણાતા ખેડા જિલ્લામાં કોરોનાના પગલે છેલ્લા એક વરસથી શિક્ષક વ્યવસ્થા ખોરવાઈ છે. હજુ ગયા મહિને જ સરકારે તબક્કાવાર ધો.૬થી ૧૨નો અભ્યાસ શરૂ કર્યો છે. પરંતુ ધો.૧થી ૫માં અભ્યાસ કરતાં ભુલકાઓની શાળા શરૂ થઈ નથી.

જેને કારણે અભ્યાસ સતત બગડી રહ્યો છે. આથી, શિક્ષણ વિભાગ દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે શેરી શિક્ષણનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વાલીઓ શાળા જઈ રજુઆત કરી શકશે અને જેમની શેરીમાં આઠથી દસ બાળકોને શિક્ષકો ઘરે જઈ અભ્યાસ કરાવશે. ખેડા જિલ્લામાં હોલ ધો.૧થી ૫માં ૧,૨૩,૧૬૧ વિદ્યાર્થી છે. બીજી તરફ ધો.૧થી ૮માં ૭,૫૪૮ શિક્ષકો છે.

જેમાંથી ધો.૫મા ધોરણ સુધીના શિક્ષકો ઘરે ઘરે ફરીને અભ્યાસ કરાવશે. ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૧થી ૫માં અભ્યાસ કરતા ભુલકાઓનું શિક્ષણ ન બગડે તે માટે શિક્ષકોને હોમફોર લર્નીંગના ભાગરૂપે ઘરે પહોંચી અભ્યાસ કરાવવાના આદેશ છુટ્યા છે. ખેડા જિલ્લામાં ધો.૧થી ૫ના બાળકો ઘરે બેઠા અભ્યાસ કરી શકે તે માટે ઓન લાઈન એજ્યુકેશન ચાલી રહ્યું છે. જેમાં ટેલીફોનીક, ટીવીના માધ્યમથી, માઈક્રોસોફ્ટ ટીમ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. જેમાં હવે શિક્ષકો ઘરે જઈને અભ્યાસ કરાવશે.

# ઈરાને દિલ્હીમાં ઈઝરાયલી દૂતાવાસ બહાર બ્લાસ્ટ કરાવ્યો હોવાનો ખુલાસો

ન્યુ દિલ્હી, જાન્યુઆરી મહિનાના અંતમાં નવી દિલ્હી ખાતે આવેલા ઈઝરાયલના દૂતાવાસ બહાર જે વિસ્ફોટ થયો હતો તેમાં ઈરાનનો હાથ હોવાનું સામે આવ્યું છે. ભારત સાથેની દુશ્મનાવટના કારણે ઈરાને ખૂબ ચાલાકીપૂર્વક ભારતના લોકલ મોડ્યુઅલની મદદ લીધી હતી. બોમ્બ વિસ્ફોટની તપાસમાં જોડાયેલા એનઆઈએ અને ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદને મળેલા પુરાવાના આધારે



આ જાણકારી સામે આવી છે.

તપાસ એજન્સીઓને એક પત્ર મળ્યો હતો જેમાં આ હુમલો બે ઈરાની નાગરિકોની હત્યાનો બદલો લેવા કરવામાં આવ્યો હોવાનું લખેલું હતું. ત્યાર બાદ તપાસ એજન્સીઓએ અનેક એન્ગલથી આ કેસની તપાસ શરૂ કરી દીધી હતી જેમાં ઈરાનની કુદ્સ ફોર્સે આ હુમલો કરાવ્યો હોવાનો ખુલાસો થયો હતો.

એક અહેવાલ પ્રમાણે બોમ્બ વિસ્ફોટ પાછળ ઈરાનની કુદ્સ ફોર્સનો હાથ હતો પરંતુ તે બોમ્બ એક સ્થાનિક ભારતીય શિયા મોડ્યુલે પ્લાન્ટ કર્યો હતો. એટલું જ નહીં, જાણી જોઈને એવા પુરાવા મુકવામાં આવ્યા હતા જેથી આ હુમલા પાછળ આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (આઈએસઆઈએસ)નો હાથ હોવાની શંકા જાગે. આ યોજના અંતર્ગત જ અજાણ્યા સંગઠન જૈશ ઉલ હિંદે આ હુમલાની જવાબદારી પણ સ્વીકારી હતી. જો કે, આતંકવાદ વિરોધી એજન્સીઓએ આ હુમલો ઈરાનની કુદ્સ ફોર્સે ઈઝરાયલ વિરૂદ્ધ કર્યો હોવાનું જાણી લીધું છે. એક અધિકારીના કહેવા પ્રમાણે વિસ્ફોટ માટે વપરાયેલા બોમ્બની તીવ્રતા વધારે નહોતી અને તેનું લક્ષ્ય લોકોને નુકસાન પહોંચાડવાનું પણ નહોતુ. કારણ કે ઈરાન કદાચ ભારત સાથેના સંબંધોમાં તણાવ લાવવા નથી ઈચ્છતું. પરંતુ સંદેશો સ્પષ્ટ હતો અને જોખમ પણ સાચુ જ હતું.

ઉલ્લેખનીય છે કે, ૨૯ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસ બહાર રિમોટ કંટ્રોલવાળા ડિવાઈસની મદદથી ઓછી તીવ્રતાનો વિસ્ફોટ થયો હતો.

# દૈનિક રાશીફળ

તા.૦૯.૦૩.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

વૃષભ (બ.વ.ઉ.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

મિથુન (ક.છ.ઘ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

કર્ક (ડ.હ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

સિંહ (મ.ટ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

કન્યા (પ.ઠ.ણ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

વૃશ્ચિક (ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

મકર (ખ.જ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

કુંભ (ગ.શ.સ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

મીન (દ.ચ.ઝ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

# ધાનપુરના કૌટુંબી ગામે પશુઓની હેરાફેરી કરતાં બે ઈસમોને ૯ પશુઓ સાથે ઝડપ્યા

ધાનપુર, ધાનપુર તાલુકાના કૌટુંબી ગામેથી ગેરકાયદેસર રીતે પશુઓની હેરાફેરી કરતાં બે ઈસમોને પોલીસે ઝડપી પાડી બે પીકઅપ ગાડીમાં ભરી રાખેલ ૦૯ ભેંસો સહિત ગાડીઓની કિંમત મળી કુલ રૂા.૧૦,૭૦,૦૦૦ (દશ લાખ સિત્તેર હજાર રૂપીયા)નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળી રહ્યું છે. દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પશુઓની હારેફેરી સહિત પશુઓનું કતલ કરી તેઓના માંસનુ વેચાણ કરતાં તત્વો પર પોલીસ હાલ બાજ નજર રાખી રહી છે અને આવા ઈસમો વિરૂધ્ધ પશુ અધિનિયમના ગુન્હા હેઠળ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરી રહી છે. ત્યારે ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ કૌટુંબી ગામે બે ઈસમો પોતાના કબજાની બે પીકઅપ ગાડીમાં નવ જેટલી ભેંસોને ગેરકાયદેસર ભરી કતલખાને લઈ જતાં હોવાની પોલીસને બાતમી મળતાં કૌટુંબી ગામે પોલીસ વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ બે ઈસમો બે પીકઅપ ગાડી લઈ પસાર થતાં પોલીસે તેઓને ચારેય તરફથી ઘેરી લીધા હતાં અને તેઓની સઘન પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો અને આખરે આ ભેંસો કતલખાને લઈ જવાતી હોવાની પોલીસે પુષ્ટિ થતાં તેઓએ આ બંન્ને ઈસમોની અટકાયત કરી બંન્ને પીકઅપ ગાડી તેમજ ભેંસો મળી કુલ ૧૦,૭૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમડી નગરની શાળાના શિક્ષકનો કોરોના પોઝીટીવ રિપોર્ટ આવતાં શિક્ષકો અને વાલીઓમાં ફફડાટ



લીમડી, ઝાલોદ તાલુકાના લીમડી નગરની એક શાળામાં એક શિક્ષકને કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યાની ખબરો સાથે જ શાળા આલમ સહિત શિક્ષકો તેમજ બાળકો સહિત વાલીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. બે દિવસ અગાઉ જ દેવગઢબારીઆની એસ.આર.હાઈસ્કુલ ખાતે પણ બે શિક્ષકોને કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

દેવગઢ બારીઆની એસ.આર.હાઈસ્કુલ ખાતે પણ બે દિવસ અગાઉ બે શિક્ષકોનો કોરોના પોઝીટીવ આવ્યાની શાહી હજુ સુકાઈ નથી. ત્યાં આજે મળતી માહિતી પ્રમાણે ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલ બી.પી.અગ્રવાલ શાળાના એક શિક્ષકને પણ કોરોના સંક્રમણ થતાં લીમડી નગરની આ શાળામાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. શિક્ષકો સહિત બાળકો અને વાલીઓમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ત્યારે અન્ય શિક્ષકો સહિત વિદ્યાર્થીઓના પણ કોરોના ટેસ્ટ કરવામાં આવનાર હોવાની માહિતી મળી રહી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે, આ કોરોના પોઝીવી શિક્ષકના સંપર્કમાં આવેલા હજી કેટલા શિક્ષકો અને બાળકો સંક્રમણના સકંજામાં આવશે. પરંતુ હવે જ્યારે શાળા, કોલેજો ફરી ધમધમતી થઈ રહી છે. ત્યારે ફરીવાર કોરોનાએ માથુ ઉંચકતાં બાળકોના વાલીઓ પણ હવે પોતાના બાળકોને શાળાએ મોકલવા કે નહીં તે મુંઝવણમાં મુકાયા હોય તેમ લાગી રહ્યું છે.

## લીમખેડા સ્ટેશન પાસે આવેલા રેલ્વે અંડર બ્રીજ નં.૫૫ તા.૧૦ ના રોજ સમારકામ અર્થે બંધ રહેશે

દાહોદ, જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય ખરાડીએ આજે બહાર પાડેલા એક જાહેરનામા દ્વારા આદેશ કર્યો છે કે, લીમખેડા સ્ટેશન પાસે આવેલા રેલ્વે અંડર બ્રીજ નં. ૫૫ આગામી તા. ૧૦ ના રોજ સવારના ૮ કલાક થી સાંજના ૧૮ કલાક સુધી લીમખેડા થી ઝાલોદ તરફ જતો રસ્તો ઉપરોક્ત રેલ્વે અંડર બ્રિજનું સમારકામ કરવાનું હોવાથી વાહન અને નાગરિકોની અવરજવર માટે બંધ રહેશે.

આ રસ્તાના વિકલ્પે લીમખેડાથી અન્યા ગામડાઓમાં જવા આવવા માટે બાંડીબાર વાળા રસ્તાનો ઉપયોગ કરવો. રેલ્વે નાળાની બીજી તરફના ગામડાઓના લોકોને અવર જવર માટે ચોપાટપાલ્લી હેલીપેડવાળા રસ્તાનો ઉપયોગ કરવો. લીમખેડાથી લીમડી, ઝાલોદ અને રાજસ્થાન જવા આવવા માટે દાહોદ હાઈવે થી કાળીતળાઈ થઈ બાઈપાસવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

# રાજ્યની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને હવે DBTથી વેતન બેંક ખાતામાં મળશે

ગાંધીનગર, આજે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ગાંધીનગરમાં મહાત્મા મંદિર પરિસરમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી રૂપાણીએ આ ઉજવણી અંતર્ગત ગુજરાત સરકારની આગવી પહેલ રૂપે રાજ્યની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતનની ચુકવણી ડીબીટી મારફતે સીધા જ બેંક ખાતામાં ચુકવવાની પારદર્શી પદ્ધતિનો પ્રારંભ કરાવ્યો હતો. રૂપાણીએ રાજ્યની આંગણવાડી તેડાગર બહેનોને હવે, પગારના નાણાં સીધા જ બેંક ખાતામાં જમા થવાની ગુજરાતની પહેલને પારદર્શી વ્યવસ્થા, ફેઈસ લેસ સિસ્ટમ અને વચેટિયા નાબૂદીની દિશામાં વધુ એક નક્કર કદમ ગણાવી હતી. મુખ્યમંત્રીએ વ્હાલી દિકરી યોજના અંતર્ગત દિકરીના જન્મ બાદ તેના અભ્યાસની ચિંતા સરકારે કરીને પહેલા ધોરણમાં પ્રવેશ વેળાએ રૂ. ૪ હજારથી શરૂ કરીને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ-લગ્ન માટે કુલ મળીને ૧ લાખ રૂપિયા સરકાર વ્હાલી દિકરીઓને આપે છે તેનો ચિતાર આપ્યો હતો. રાજ્ય સરકારે આ હેતુસર એલ.આઈ.સી.ને ફંડ મેનેજર તરીકેની જવાબદારી સોંપીને એમઓયુ કર્યા છે.

આ વ્હાલી દિકરી યોજનાના અમલીકરણ અને સંચાલન એજન્સી તરીકે એલ.આઈ.સી. સાથે રાજ્ય સરકારના મહિલા બાળ વિકાસ વિભાગના થયેલા એમઓયુ અન્વયે ૨૨ કરોડ રૂપિયાનો ચેક એલ.આઈ.સી.ને અર્પણ કર્યો હતો. બહેનો પણ જાહેર જીવનમાં, વહિવટમાં સક્રિય બની શકે તે માટે વડાપ્રધાનના નેતૃત્વમાં સરકારે પંચાયતો-સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અને સરકારી નોકરીમાં ૩૩ ટકા આરક્ષણ આપી મહિલાશક્તિને યોગ્ય તક-અવસર સન્માન આપ્યા છે. રૂપાણીએ જણાવ્યું કે, રાજ્યની દિકરીઓ કૂપોષિત ન રહે, તેને અભ્યાસના યોગ્ય અવસર મળે તે માટે રાજ્ય સરકારે મહીલા સશક્તિકરણની અનેક પહેલ હાથ ધરી છે. વિધવા માતા-બહેનોને ઓશિયાળાપણું ન અનુભવવું પડે તે માટે ગંગાસ્વરૂપા જેવું સન્માનજનક નામ આપીને તેને મળતી સહાયમાં પણ વધારો કરી રૂ. ૧૨૫૦ની સહાય અપાય છે.

ગુજરાતમાં માતા-બહેનો-દિકરીઓની સલામતિ-સુરક્ષા માટે અભયમ ૧૮૧ હેલ્પલાઈન, કુમળી દિકરીઓ-બહેનો સાથે દુષ્કર્મના કિસ્સામાં આરોપીને સખત કેદ અને ફાંસી સુધીની સજા, ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા કેસોની સુનાવણી અને ચેઈન સ્નેચરોને પણ કડક હાથે ડામી દેવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર કાર્યરત છે. આ વર્ષના બજેટમાં જેન્ડર બજેટ અન્વયે મહિલા સશક્તિકરણની વિવિધ યોજનાઓ અને ૧૦૦ ટકા મહિલાલક્ષી યોજનાઓ માટે સમગ્રતયા બેય કેટેગરીમાં ગત વર્ષની તુલનાએ રૂ. ૮૬૯૨.૬૩ કરોડનો વધારો કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૪૧૧ હિટ એન્ડ રનના બનાવો બન્યા



ગાંધીનગર, ગુજરાતમાં માર્ગ અકસ્માત અને તેના લીધે થતાં મૃત્યુના પ્રમાણમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે ગુજરાત પોલીસ રાજ્યમાં વાહન અકસ્માતોને રોકવામાં નિષ્ફળ રહી છે. તેના કારણે ગુજરાતમાં હિટ એન્ડ રન અર્થાત અકસ્માત કરીને ભાગી છુટવાની ઘટનાઓ વધી છે, આ પ્રકારના અકસ્માતોમાં દરરોજ સરેરાશ ત્રણથી વધુ નાગરિકોના મોત થઈ રહ્યા છે. પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧૧ હજાર ૪૧૧ હિટ એન્ડ રનના પોલીસ કેસ નોંધાયા છે, જેના અડધો અડધ કેસમાં ૫૫૭૦ આરોપી વાહન ચાલકો, માલિકોને પોલીસ હજી સુધી પકડી શકી નથી. વિધાનસભાના સત્ર દરમિયાન ગૃહમાં ખંભાળિયાના ધારાસભ્ય વિક્રમ માડમે ગુજરાતમાં આત્મઘાતી સાબિત થઈ રહેલી ટ્રાફિક નિયમન વ્યવસ્થા સંદર્ભે સવાલ પુછ્યો હતો જેના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લેખિતમાં સ્વિકાર્યુ હતું કે વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન ગુજરાતમાં કુલ ૧૧ હજાર ૪૧૧ હિટ એન્ડ રનના બનાવો બન્યા છે. ગૃહમંત્રીએ રજુ કરેલી આંકડાકિય વિગતો મુજબ પાંચ વર્ષમાં અકસ્માત સર્જીને ભાગી છુટવાના બનાવોમાં ૬૭૨૭ નાગરિકોના મૃત્યુ થયા છે. જ્યારે ૬૪૨૯ નાગરિકો ઘાયલ થયા હતા. ગુજરાતમાં સૌથી વધુ ફ્લાય ઓવર બ્રિજ અને ટ્રાફિક નિયમન માટે શ્રેષ્ઠતમ સીસીટીવી નેટવર્ક છે તેવા સુરત શહેર સમેત જિલ્લામાં જ પાંચ વર્ષમાં હિટ એન્ડ રનમાં સૌથી વધુ ૧૨૫૪ નાગરિકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

સુરત શહેર અને જિલ્લાની પોલીસ અકસ્માતો કરીને છુમંતર થયેલા ૧૬૪૨ આરોપીઓને પકડી પણ શકી નથી. સુરત બાદ હિટ એન્ડ રનમાં સૌથી વધુ અમદાવાદમાં ૯૪૫ નાગરિકોના મોત થયા છે. માર્ગ અકસ્માત અને તેના લીધે થતાં મૃત્યુના પ્રમાણમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ૧૮ હજાર ૮૧ માર્ગ અકસ્માત થયા હતા અને જેમાંથી ૭૨૮૯ વ્યક્તિનાં મોત થયાં હતાં. આમ, ભારતમાં સૌથી વધુ માર્ગ અકસ્માત થયા હોય તેવા રાજ્યોમાં ગુજરાત ૧૦મા ક્રમે છે.ગુજરાતમાં હિટ એન્ડ રનને લીધે અકસ્માતના પ્રમાણમાં પણ ચિંતાજનક વધારો થયો છે.

## બગસરા હાઈવે પર સિંહની લટાર મારતો વીડિયો વાઈરલ



અમરેલી, રાજ્યની શાન એવા સિંહોનો રસ્તા પર લટાર મારતો વીડિયો વાયરલ થયો છે. અમરેલીના બગસરા હાઈવે પર સિંહની લટાર મારતો વીડિયો વાઈરલ થયો છે. પાણિયા ગામ નજીકનો આ વિડીયો હોવાનું અનુમાન છે. આ વીડિયોમાં સિંહ આગળ અને વાહન પાછળ જઈ રહ્યા હોય તેવા દ્રશ્યો નજરે પડી રહ્યા છે.

# પીપલોદ વિસ્તારમાં બે બાઈક ચોરના તરખાટ : ૪ દિવસમાં ૪ બાઈકોની ચોરી

દે.બારીઆ, દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ નગરમાં ફરી ગતરોજ વાહન ચોર ટોળકીએ તરખાટ મચાવતાં એક સાથે ત્રણ મોટરસાઈકલોની ઉઠાંતરી કરી લઈ નાસી જતાં છેલ્લા ત્રણ – ચાર દિવસમાં કુલ ૦૭ જેટલી મોટરસાઈકલોની ઉઠાંતરીની ઘટનાઓ બનતા પંથકમાં ચકચાર સાથે વાહન માલિકોમાં આક્રોશ ફેલાવા પામ્યો છે.

ચારેક દિવસ અગાઉ પીપલોદ ગામમાંથીજ એક સાથે ૪ મોટરસાઈકલ ચોરીની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાર ગતરોજ ફરી એક સાથે ત્રણ મોટરસાઈકલ ચોરાઈ હોવાની ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ મથકે નોંધાતાં જાણે વાહન ચોર ટોળકી પીપલોદ ગામે સક્રિય બની હોય તેમ લાગી રહ્યું છે. ગતરોજ પીપલોદ ગામેથી ચોરાયેલ મોટરસાઈકલ પૈકી એક મોટરસાઈકલ પીપલોદ સરકારી હોસ્પિટલની બાજુમાં રહેતા જગદીશભાઈ અરવિંદભાઈ પ્રજાપતિની, બીજી એક પીપલોદ બારીઆ રોડ આંબલી નજીક હાઈવે બ્રિજની પાસે રહેતા ગીરીશકુમાર બાઘરભાઈ પટેલ અને ત્રીજી એક મોટરસાઈકલ પીપલોદ ગામેજ રહેતા ઈદરીશભાઈની એમ ત્રણ મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં આ વાહન માલિકો સહિત અન્ય વાહન માલિકોમાં મોટરસાઈકલ ચોરોના આ આતંકને પગલે ફફડાટ સાથે રોષની લાગણી ભભુકી રહી છે.

આ સંબંધે જગદીશભાઈ અરવિંદભાઈ પ્રજાપતિએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી મોટરસાઈકલ ચોર ટોળકીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

## દાહોદ વૈષ્ણવ મહિલા ગૃપ દ્વારા હોળી રસીયા કાર્યક્રમનું આયોજન

દાહોદ, દાહોદ શહેરમાં ઉત્સવપ્રિય વૈષ્ણવ મહિલા ગ્રૃપ, દાહોદ દ્વારા હોળીના રસિયા કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં સમાજની બહેનો સહિત બાળકો મળી રસિયાની રમઝટ બોલાવી હતી.

હોળીના પાવન પર્વ અગાઉ દાહોદમાં ઠેર ઠેર રસિયાના કાર્યક્રમો યોજાય છે. અબીલ ગુલાલ અને ફુલના સંગાથે રસિયાની રમઝટ રેલાય છે. લાંબા સમયથી ચાલતા કોરોના કાળ બાદ હવે કેસમાં પણ ઘટાડો થયો છે. ત્યારે સહુને રાહત મળે અને એકાંતવાસથી કંટાળેલા સહુ લોકો પુનઃ સમયથી તાદામ્યતા કેળવે તેવા શુભાઆશયથી દાહોદની ઉત્સવપ્રિય વૈષ્ણવ મહિલા ગ્રૃપ દ્વારા શહેરના દશાનીમા વણિક વાડી, દેસાઈવાડ ખાતે તારીખ ૦૬.૦૩.૨૦૨૧ને શનિવારના રોજ રાત્રીના ૦૯ વાગ્યાથી આરંભ થયેલ આ હોળીના રસિયા કાર્યક્રમમાં યોજાયો હતો. વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો.૧૦૮ કલ્યાણરાયજી બાવા દાહોદમાં છે. ત્યારે તેઓ પણ આ કાર્યક્રમમમાં પધાર્યા હતાં. આ કાર્યક્રમમાં સમાજની મહિલાઓ, બાળાઓ, બાળકો સહિત મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગરબાડાના વિજાગઢ ગામે ઘઉં ઉડાડવા મામલે તકરાર : જાનથી મારી નાખવાની ધમકી


ગરબાડા, ગરબાડા તાલુકાના વિજાગઢ ગામે ખેતરમાં ઘઉં ઉડાડવવા મામલે થયેલ ઝઘડા તકરારમાં એક મહિલા સહિત ત્રણ જણાએ એકને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

વિજાગઢ ગામે ખેડા ફળિયામાં રહેતા બદલીબેન પારસીંગભાઈ પસાયા, પારસીંગભાઈ શકરાભાઈ પસાયા અને મુકેશભાઈ પારસીંગભાઈ પસાયાનાઓ ગત તા.૦૩ મી માર્ચના રોજ પોતાના જ ગામમાં રહેતા રમેશભાઈ શકરાભાઈ પસાયાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું કોણ મને અહીં ઘઉં ઉડાડવાની ના પાડવા વાળો, તેમ કહી બેફામ ગાળો બોલી, એકદમ ઉશ્કેરાઈ જઈ ત્રણેય જણાએ ભેગા મળી રમેશભાઈ પસાયાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રમેશભાઈ પસાયાએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંજેલી તાલુકાના ચાર ગામોના ૧૫૭૨ ઘરોમાં ચોખ્ખું પાણી પહોંચાડાશે

દાહોદ, સંજેલી તાલુકાના ચાર ગામોના ૧૫૭૨ ઘરોને નલ સે જલ યોજના અંતર્ગત ઘર દીઠ ચોખ્ખું પાણી પહોંચાડવાની યોજનાને કલેક્ટર વિજય ખરાડી દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ ચાર ગામોમાં ધમેણા, ગરાડીયા, માંડલી અને ચમારીયા ગામનો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત અંદાજે કુલ રૂ. ૧.૮૮ કરોડના ખર્ચે આ યોજના વાસ્મો દ્વારા સાકાર કરવામાં આવશે. ગત અઠવાડીયે કલેક્ટરની અધ્યક્ષતામાં યોજવામાં આવેલી જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા સમિતિની બેઠકમાં નલ સે યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ ના એક્શનપ્લાન અંતર્ગત આ યોજના રજૂ કરવામાં આવી હતી. જેને કલેક્ટર દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

## વડોદરાના તરસવા ગામમાં મકાનમાં આગ, ૬ વર્ષનું બાળક આગમાં ભડથું



વડોદરા, વાઘોડિયા તાલુકાના તરસવા ગામના એક મકાનમાં આજે બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. એક બાળક આગમાં ભડથું થઈ ગયું હતું. જ્યારે એક બાળક સમયસર ઘરની બહાર નીકળી જતા તેનો બચાવ થયો હતો. વાઘોડિયા પોલીસ, મામલતદાર અને એમ્બ્યુલન્સ નહીં પહોંચતા ગામ લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના તરસવા ગામના એક મકાનમાં બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ આગ લાગતા ગ્રામજનોમાં દોડધામ મચી ગઈ હતી અને સ્થાનિક લોકોએ આગ બુઝાવવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો.

ઘરની અંદર બે બાળકો હોવાથી પરિવાર ચિંતામાં મૂકાઈ ગયો હતો. જોકે એક બાળક સમયસર ઘરમાંથી બહાર નીકળી જતા તેનો બચાવ થયો હતો. જ્યારે ધ્રૃવ નીતિનભાઈ પરમાર(ઉ.વ.૬)નું આગમાં ભડથું થઈ જતા મોત થયું હતું. સ્થાનિકોએ આગ બુઝાવી દીધી હતી, પણ બાળકનો જીવ બચી શક્યો નહોતો. બીજી તરફ વાઘોડિયા પોલીસ, મામલતદાર અને એમ્બ્યુલન્સ નહીં પહોંચતા ગામ લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

વાઘોડિયા તાલકા પંચાયતની ખેરવાડી બેઠકના સભ્ય જીતેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, તરસવા ગામમાં મકાનમાં આગ લાગતા એક બાળકનું મોત થયું છે. ગ્રામજનોએ મામતલદાર અને ટીડીઓને જાણ કર્યા અઢી કલાક થયા હોવા છતાં એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરી નથી. કોઈ અધિકારીઓ અહીં ફરક્યા નથી. સ્થાનિક હસમુખભાઈએ જણાવ્યું હતું કે, બાળકનું મૃત્યુ થયું હોવા છતાં અહીં કોઈ અધિકારીઓ આવ્યા નથી કે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી નથી. માત્ર તલાટી આવ્યા છે, તેઓએ અધિકારીઓને જાણ કરી છે, પરંતુ, કોઈ દેખાયુ નથી.

## લીમખેડાના ખેરીયા ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

લીમખેડા, લીમખેડા તાલુકાના ખેરીયા ગામેથી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે ડુંગરી ફળિયામાં રહેતા શૈલેષભાઈ સબુરભાઈ મીનામાએ ગત તા.૦૫મી ફેબ્રુઆરીના રોજ લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


## આગામી ૬ દિવસ પાવાગઢ રોપ વે તેમજ મહાકાળી નિજ મંદિરના દર્શન કરાયા બંધ




પાવાગઢ, આજથી આગામી ૬ દિવસ પાવાગઢ ખાતે રોપ વે સેવા તેમજ મહાકાળી નિજ મંદિરના દર્શન બંધ કરવામાં આવ્યા છે. દર વર્ષે કરવામાં આવતા એન્યુઅલ મેન્ટેનન્સ કામગીરી આ વખતે પણ કરવાની હોઈ રોપ વે સેવા આજથી આગામી ૬ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય ઉષા બ્રેકો દ્વારા કરવા માં આવ્યો છે.

તો સાથે પાવાગઢ નિજ મંદિરનું પણ નવીનીકરણનું કાર્ય અંતિમ તબક્કામાં પુર જોશમાં ચાલી રહ્યું છે, જેને લઈ ને નિજ મંદિરના દર્શન પણ બંધ કરવા માં આવ્યા છે. આજથી એટલે કે ૮ માર્ચ થી ૧૩ માર્ચ સુધી ૬ દિવસ પાવાગઢ ખાતે રોપ વે સેવા તેમજ નિજ મંદિર દર્શન બંધ રહેશે. જો કે મહાકાળી માતાજીના દર્શન મંદિરની વેબ સાઈટ પરથી ઘરે બેઠા જ કરી શકાશે. મહાશિવરાત્રીએ જૂનાગઢમાં યોજાતા મેળામાં ચાલુ વર્ષે કોરોનાને લઈ સામાન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જ્યારે સાધુ-સંતો ધાર્મિક પૂજાવિધિ કરી મેળાની પરંપરા જાળવવામાં આવશે તેમ તંત્ર દ્વારા નિર્ણય કરાયો છે. આ દરમિયાન જૂનાગઢ બહારથી આવતા લોકો મેળાને લઈને મોટી સંખ્યામાં એકત્રિત ન થાય તે માટે ગીરનાર રોપ-વે બંધ કરવામાં આવ્યો છે. જે આગામી ૧૧ માર્ચ સુધી બંધ રહેશે.

## રાજસ્થાન અને ગુજરાતના પૂર્વ રાજ્યપાલ અંશુમાન સિંહનું ૮૬ વર્ષની વયે નિધન



જયપુર, રાજસ્થાન અને ગુજરાતના રાજ્યપાલ રહી ચુકેલા અંશુમાન સિંહનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી રાજકીય ક્ષેત્ર અને તેમના શુભચિંતકોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ૮૬ વર્ષીય અંશુમાન સિંહએ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈંસ્ટિટ્યૂટ લખનઉ ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે પ્રયાગરાજ લઈ જવામાં આવ્યો હતો. અંશુમાન સિંહની તબિયત છેલ્લા કેટલાક દિવસોથી ખરાબ હતી. જ્યારે તેમણે આજે અંતિમ શ્વાસ લેતાં રાજ્યપાલ કલરાજ મિશ્ર અને મુખ્યમંત્રી અશોક ગહલોતે પણ પૂર્વ રાજ્યપાલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અંશુમાન સિંહે રાજસ્થાનના રાજ્યપાલ તરીકે ૧૬ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ પદભાર ગ્રહણ કર્યો હતો. પૂર્વ રાજ્યપાલ અંશુમાન સિંહના નિધન પર આજે રાજસ્થાનમાં એક દિવસીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આજે સરકારી કાર્યાલયોમાં એક દિવસ રાજકીય શોકના કારણે રજા રાખવામાં આવી હતી. મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા સરકારી કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 165

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પતિએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને ન્યાયની માંગ કરી

# ગોધરાના ડો.વસીમ મન્સુરી સામે પગલાં નહીં લેવાય તો અઠવાડિયા બાદ ભૂખ હડળતાની ચિમકી






ગોધરા,
ગોધરાના ડો.વસીમ મન્સુરી (ગાયનેકોલોજીસ્ટ, મન્હા મેટરનીટી હોમ, ગોધરા)ની બેદરકારીને કારણે એક મહિલાનું મોત થતાં તેના પતિએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને ન્યાયની માંગ કરી છે. જેમાં આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, ઉતાવળ કરી ડોક્ટર દ્વારા ઘોરબેદરકારી રાખી બેહોશી માટે એનેસ્થેશીયાના ઓવરડોઝ ઉપરા ઉપરી આપતા પેરાલીસીસની અસર થતાં છેવટે મોતને ભેટી હતી. જોકે, આડ અસરની સાચી હકીકતથી વંચિત રાખેલ હતા. જો અઠવાડિયામાં ન્યાય નહીં મળે તો બાળકો સાથે ગાંધી ચિંધ્યા માર્ગે ભૂખ હડતાળની ચિમકી ઉચ્ચારી હતી.

તાહીર અ.રજજાક મન્સુરી રહે. સાવલીવાડ, ગોધરા એ કલેકટરને આપેલા આવેદનપત્રમાં આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, મારી પત્ની રૂહાના તાહીર મસુરી ની ગર્ભાવસ્થા દરમ્યાન ડો.વસીમ મસુરી (મન્હા મેટરનીટી હોમ, ગોધરા) ખાતેથી સારવાર ચાલુ હતી અને તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ સવારે રૂટીન ચેકઅપ માટે જતા ડોકટરે જણાવ્યુ હતું કે,ગર્ભાશયમાં પાણી ઓછું હોવાથી તાત્કાલિક ઓપરેશન કરવું પડશે, તેમ જણાવતાં તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ મારી પત્નીને સીઝરીંગ થી પ્રસુતિ માટે બપોરે દાખલ કરતા તેનું ઓપરેશન હાથ ધરેલ હતું. રૂહાનાએ પુત્રીને જન્મ આપેલ હતો. પરંતુ આ ઓપરેશન શરૂ કરતાં પહેલા ડોકટરે રૂહાનાનો લોહીનો રીપોર્ટ પણ નહોતો કઢાવ્યો અને ઉતાવળ કરી ડોકટર દ્વારા ઘોરબેદરકારી રાખી બેહોશી માટે એનેસ્થેશીયાના ઓવરડોઝ ઉપરા ઉપરી અપાવ્યા હતા અને તેની આ બેદરકારીથી એનેસ્થેશીયાના ઓવરડોઝની આડ અસરો ચાલુ થઈ જતાં તેને માથાના દુઃખાવાની તકલીફ શરૂ થઈ હતી અને તેની સારવાર માટે ડો. વસીમ ને ત્યાં ચેકઅપ માટે જતા હતા. પરંતુ તે માટે નોર્મલ દવા-ઈન્જેકશન મુકી રજા આપી દેવામાં આવતી હતી. અને રૂહાના બેનને ગંભીર આડ અસરની સાચી હકીકતથી વંચિત રાખેલ હતા. જે માટે રૂહાના નો MRI રીપોર્ટ કરાવતા તેને એનેસ્થેશીયાના ઓવરડોઝ અને ડોકટરની બેદરકારીને કારણે પેરાલીસીસ અને શરીરમાં ઈન્ફકશન હોવાનું રીપોર્ટમાં જાણવા મળેલ હતું. રૂહાનાને તાત્કાલિક સારી સારવાર મળી રહે તે માટે વડોદરા વીન્સ હોસ્પીટલમાં દાખલ કર્યા બાદ આ બિમારી સામે કોઈ ઈલાજ શકય ન બનતાં અમદાવાદ જીવરાજ મહેતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હતા. જયાં આ રોગને લગતા સ્પેશ્યાલીસ્ટ ડોકટરોને પણ બોલાવી રૂહાનાના ઈલાજ માટે શક્ય તે તમામ પ્રયત્નો કરેલ છે અને આ સારવાર દરમ્યાન અમોએ મોટી રકમનો ખર્ચ કરેલ છે અને શકય તેટલા તમામ ઉપાયોનો પ્રયાસ કરેલ છે.પરંતુ ૪ માસનો સમય રૂહાના પથારીવસ રહી રીબાઈ રીબાઈ ને આખરે તા.૧૮/૧/૨૦૨૧ના રોજ અવસાન પામેલ છે અને મારા નાના બે બાળકોએ પોતાની માતાની માતૃછાયા ગુમાવેલ છે. વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ પણ આ ડો.વસીમ મન્સુરી ઉપર ગર્ભ પરીક્ષણનો કેસ બનેલ છે. તે બાબતે તેમના હોસ્પીટલ મન્હા મેટરનીટી હોમ ને પંચમહાલ આરોગ્ય પ્રશાશન તરફથી સીલ કરવામાં આવેલ

- તબીબની બેદરકારીને કારણે એક મહિલાનું મોત થયું હોવાના ઉઠેલા આક્ષેપ.
- ઉતાવળ કરી ડોક્ટર દ્વારા ઘોરબેદરકારી રાખી બેહોશી માટે એનેસ્થેશીયાના ઓવરડોઝ ઉપરા ઉપરી અપાયો હતો.
- ઓવરડોઝના કારણે પેરાલીસીસની અસર થતાં છેવટે મહિલા મોતને ભેટી હતી.

ડો.વસીમની બેદરકારી અને એનેસ્થેશીયાના ઓવરડોઝની આડ અસરો સામે આ તમામ પ્રયાસો અમારી પત્નીને બચાવવા માટે નિષ્ફળ રહેલ અને હતી. ભવિષ્યમાં રૂહાનાની જેમ બીજા કોઈ બહેનને જાન ગુમાવવી ન પડે તે માટે આપ દ્વારા તાત્કાલિક ધોરણે આવા બેદરકાર ડોકટર પર પગલા લેવાય અને કાયમી ધોરણે તેઓનું લાયસન્સ રદ કરાય અને પ્રેકટીસ બંધ કરાવવામાં આવે તેવી વનંતી છે. આ સમગ્ર ઘટના બાબતે પંચમહાલ આરોગ્ય તંત્રને લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતાંય આજદિન સુધી ડો વસીમ મન્સુરી ( મન્હા મેટરનીટી હોમ ) સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. આથી આશા છે કે, આ બનાવ બાબતે મને અને મારા બે નાના બાળકોને ન્યાય અપાવશો. આ ઘટના બાબતે વહેલીતકે મને ન્યાય નહીં મળે તો હું અને મારા બે નાના માસુમ ભુલકાંઓ સાથે અઠવાડિયા બાદ ગાંધી ચિંધ્યા માર્ગે ભુખ હડતાળ પર બેસી મારી ન્યાયની લડતને મારા આખરી શ્વાસ સુધી લડત લડતો રહીશ.

### વધારે રૂપિયા પડાવવાના હેતુથી રૂહાનાબેનને સીઝરીયન કરવામાં આવ્યું હતું

ગુજરાત સરકાર દ્વારા માં અમૃતમ કાર્ડ, વાત્સલ્ય કાર્ડ, પ્રધાનમંત્રી આયુશ્ય યોજના જેવી ગરીબલક્ષી યોજનાઓ કાર્યરત થઈ હોય ડોકટરના ધંધા-રોજગારમાં મંદી આવવાને કારણે ડોકટર વસીમ દ્વારા ઈરાદાપૂર્વક નોર્મલ ડીલેવરી ન કરી અને વધારે રૂપિયા પડાવવાના હેતુથી રૂહાનાબેનને સીઝરીયન કરવામાં આવ્યુ હતું. જેમાં ડોકટરની બેદરકારીથી રૂહાનાને પોતાની જાન ગુમાવવી પડેલ છે. આમ ઉપર મુજબની વિગતે ડો વસીમ મજુરી દ્વારા આ પહેલો કેસ નથી. વારંવાર તેમની હોસ્પીટલમાં ડીલેવરી દરમ્યાન કેટલીય બહેનોએ જાન ગુમાવી છે.

## ઘોંઘબાના ગજાપુરા ગામે મેકસ ગાડીમાં લવાયેલ ૪ લાખ રૂપીયાના દારૂ સાથે એક ઈસમને સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપ્યો

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકા ગજાપુરા ગામે મહિન્દ્રા મેકસ ગાડીમાં દારૂનો જથ્થો લાવીને સીમડા ફળીયા પાસે ખુલ્લી જગ્યામાં સગેવગે કરીવાની આરોપી પેરવી કરી રહ્યા હતા. દરમ્યાન સ્ટેટ મોનિટરીંગ સેલે રેડ કરી હતી. જેમાં ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડનો કુલ ૩,૧૮૦ નંગ કિંમત ૪,૦૨,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગજાપુરા ગામે સીમડા ફળીયા પાસે ખુલ્લી જગ્યામાં મહિન્દ્રા મેકસ ગાડી નં. જીજે.૧૭. એન.૮૪૮૩માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવીને સગેવગે કરવાની પેરવી કરી રહ્યા છે. તેવી ચોકકસ બાતમીના આધારે રેડ કરી હતી. રેડ દરમ્યાન મેકસ ગાડીમાં લવાયેલ દારૂના જથ્થા માંથી થોડો દારૂનો જથ્થો ઉતારી આપતા હતા. પોલીસની રેડ જોઈને મેકસ ગાડીનો ચાલક હેમંત રાઠવા, બજાજ ડીસ્કવર નં. જીજે.૧૭.બીકે.૪૨૦૧, સ્પ્લેન્ડર બાઈક નં.જીજે.૨૨.વી.૮૭૭૭ના ચાલક નાશી છુટીયા હતા. જયારે અરવિંદ ઉર્ફે બકો નાનાભાઈ પરમાર ચાલક નાશી છુટીયા હતા. જયારે અરવિંદ ઉર્ફે બકો નાનાભાઈ પરમાર રહે. મુલધારી હાલોલને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલસે મેકસ ગાડી માંથી ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલો, બીટર ટીન મળી કુલ ૩,૧૮૦/- નંગ કિંમત ૪,૦૨,૦૦૦/- રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર હિતેશકુમાર ઉર્ફે જાડો જશવંતસિંહ રાઠોડ (રહે.ચાચડીયા, તા.હાલોલ) તથા દારૂનો જથ્થો ભરી આપનાર વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## વિશ્વ મહિલા દિન નિમિત્તે આત્મા પ્રોજેકટ દ્વારા ગોધરા ખાતે મહિલા ખેડૂતોનું સંમેલન યોજાયુ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
આજે વિશ્વ મહિલા દિવસને ધ્યાનમાં રાખીને આત્મા પ્રોજેકટ કચેરી, ગોધરા દ્વારા મહિલા ખેડૂતો માટે ખેડુત તાલીમ કેંદ્ર ગોધરા ખાતે એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કેંદ્રના મહિલા તાલીમ અધિકારી દ્વારા કરવામા આવી હતી. આ નિમિત્તે પ્રોજેકટ ડાયરેકટરએ જણાવ્યું હતું કે, મહીલાઓ આજે ઘરના રસોડા તેમજ પરીવાર પુરતી સીમીત નથી રહી,પણ સાથે સાથે શિક્ષણ, આરોગ્ય, બાંધકામ, બેન્કિંગ જેવા ક્ષેત્રો અને દેશની નેતાગીરીમાં પણ અગ્રેસર બની છે. પ્રોજેકટ ડાયરેકટરએ જણાવ્યુ હતું કે, મહીલાઓ વૈજ્ઞાનીક ખેતી પદ્ધતીની તાલિમો પ્રાપ્ત કરશે તો ચોક્કસ પ્રકારે ખેતીની આવકની સાથે -સાથે પરિવારને પણ ચોક્કસ્થી સુખી સંપન બનાવી શકશે. બાગાયત, ખેતીવાડી, પશુપાલ જેવા ક્ષેત્રોમાં પાયાનું કામ જેમ કે વાવણી, નિંદામણ, કાપણી જેવા કાર્યોમાં મોટાભાગે મહીલાઓનું યોગદાન સમાન હોય છે.

મહિલાસ્વસહાય જૂથો, મહિલા બચત ખાતુ, મહીલા ડેરી, મહીલા બાગાયત મંડળી વગેરેમાં અગ્રેસર થઈ રહી છે. વિવિધ તાલીમોમાં પણ મહીલાઓ ભાગ લઈને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા લાગી છે. આ પ્રસંગે બાગાયત અધીકારી દ્વારા મહીલાઓને વિવિધ પ્રકારના અથાણા, મુરબ્બા, કેનીંગ વગેરે બનાવટોની માહીતી આપવામાં આવી હતી. નાયબ ખેતી નિયામક(વિ) ખેતીવાડીની ચાલતી વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમા મધમાખી પાલન વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## કાલોલમાં ICD શાખા દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
આઠ માર્ચ ના વિશ્વ મહિલા દિવસ તરીખે ઉજવવામાં આવે છે. ત્યારે ભારત સરકાર અને ગુજરાત સરકાર ના અનેક પ્રયત્નો થકી આજે મહિલાઓ માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેને લઈ આજરોજ કાલોલ સેટકો સંચાલિત આંગણવાડી ખાતે આઈ.સી.ડી. શાખા દ્વારા મહિલા દિવસ ની ઉજવણી અંતર્ગત મોટીસંખ્યામાં કિશોરીઓને બોલાવી સન્માનિત કરી મહિલાઓ માટે અનેક યોજનાઓ ગુજરાત સરકારે અમલમાં મુકવામાં આવી છે તેની માહિતી કિશોરીઓને આપવામાં આવી હતી. જેમાં આઈ.સી.ડી શાખાની મુખ્ય સેવિકા મીનાક્ષીબેન તેમજ સેટકો સંચાલિત આંગણવાડીની બહેનો પરમાર મનિષાબેન,બારીયા તૃપ્તિબેન, સરતાજ પઠાણ ની ઉપસ્થિતિમાં મહેંદી સ્પર્ધા યોજી મહિલા દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

## પતિને જેલમાં પુરાવનાર ફરિયાદીએ મહિલા પાસે કરી બીભત્સ માંગણી, આપઘાતનો પ્રયાસ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
આજે આઠમી માર્ચ, એટલે કે વિશ્વ મહિલા દિવસ છે. આજના દિવસે જ પંચમહાલ જિલ્લામાં એક મહિલાને આપઘાત કરતા બચાવી લેવામાં આવી છે. મહિલા પોતાના પુત્ર સાથે તળાવમાં છલાંગ લગાવવા જઈ રહી હતી. જોકે, કોઈ જાગૃત નાગરિકે મહિલાને આવું કરતા અટકાવી હતી અને પોલીસને જાણ કરી હતી. આ કેસમાં એવી વિગત સામે આવી છે કે મહિલાના પતિને જેલમાં પુરાવનાર વ્યક્તિએ મહિલા પાસે બીભત્સ માંગણી કરી હતી. મહિલા જ્યારે ફરિયાદ પાછી ખેંચવા માટે આજીજી કરવા પહોંચી હતી ત્યારે ફરિયાદીએ તેની સાથે અંગતપળો માંણવાની માંગણી કરી હોવાનો મહિલાએ આક્ષેપ લાગાવ્યો છે.

મળતી માહિતી પ્રમાણ પંચમહાલના હાલોલમાં વિશ્વ મહિલા દિવસે જ એક મહિલા પોતાના ૧૬ વર્ષના દીકરા સાથે હાલોલ તળાવમાં આપઘાત કરવા માટે પહોંચી હતી. આ દરમિયાન તળાવ પાસે ઊભેલા એક વ્યક્તિની નજર મહિલા પર પડતા તેણે મહિલાને આપઘાત કરતા અટકાવી હતી. જે બાદમાં વ્યક્તિએ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરવા માટે જઈ રહેલી મહિલાનો પતિ જેલમાં હોવાનું સામે આવ્યું છે. મહિલાની પૂછપરછમાં આવી પણ વિગતો ખુલી છે કે મહિલાના પતિને જે વ્યક્તિએ જેલમાં પુરાવ્યો હતો.

તેણે મહિલા પાસે અભદ્ર માગણી કરી હતી. જે બાદમાં મહિલાને લાગી આવતા પુત્ર સાથે આપઘાત કરવા માટે દોડી આવી હતી. મહિલાએ જણાવ્યું છે કે તે પતિ સામેની ફરિયાદ પાછી ખેંચવાની આજીજી કરવા માટે ફરિયાદી પાસે ગઈ હતી. આ દરમિયાન પતિને જેલમાં પુરાવનાર ફરિયાદીએ મહિલાને તેની સાથે અંગતપળો માણવાની માંગણી કરી હતી. જે બાદમાં મહિલાને લાગી આવ્યું હતું અને તેણી આપઘાત કરવા માટે દોડી ગઈ હતી.

## પંચમહાલના કાંસુડી પ્રા.શાળા ખાતે મહિલા દિન નિમિત્તે કવિ સંમેલન યોજાયું



ગોધરા,
પંચમહાલ જિલ્લાની કાંસુડી પ્રાથમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ દ્વારા રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે પંચમહાલના નામાંકિત કવિઓ દ્વારા કવિ સંમેલન યોજાયું. જેમાં ગુજરાતી ભાષાની નામાંકિત કવયિત્રીઓની જાણીતી રચનાઓનું પઠન કરવામાં આવ્યું.જેમાં વિનુભાઈ બામણીયા-મનીષા જોષી, સુભાષભાઈ હરિજન- પન્ના નાયક, બાબુભાઈ પટેલ 'બીલે'-દેવિકા ધ્રુવ, મહેન્દ્રભાઈ પરમાર-લતા હીરાણી, પ્રવીણભાઈ ખાંટ-પન્ના નાયક, સતીષભાઈ ચૌહાણ-ઉષા ઉપાદયાય, શૈલેષભાઈ ચૌહાણ-લક્ષ્મી ડોબરિયાની રચનાઓનું પઠન કરેલ. કાર્યક્રમમાં ડાયટ પંચમહાલના સી.લેકચરર બી.એમ સોલંકી, જીતેન્દ્રભાઈ તથા શાળાના આચાર્ય રાકેશ પ્રજાપતિનો સહયોગ રહ્યો હતો.

## ગોધરા લો કોલેજ ખાતે મહિલા દિન નિમિતે કાર્યક્રમ યોજાયો



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ દ્વારા સંચાલિત લો કોલેજ ગોધરા દ્વારા તા.૦૮/૦૩/૨૦૨૧ના રોજ ''આંતરાષ્ટ્રીય મહિલા દિવસ''ની ઉજવણી નિમિત્તે આચાર્ય ડો.અપૂર્વ પાઠક તરફથી મહિલા દિનની શુભેચ્છા પાઠવી તેમના માર્ગદર્શન હેઠળ રિટાયર્ડ ડિસ્ટ્રિક્ટ જજ પુરાની દ્વારા મહિલાઓના કાયદા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ ડો.સતીશ નાગર, ડો. કૃપા જયસ્વાલ દ્વારા ઉંડાણ પૂર્વક સ્ત્રી સશકિતકરણ પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમજ લો કોલેજના વિદ્યાર્થી ભાઈયો તથા બહેનો તરફથી કાયદા વિશેની છણાવટ કરવામાં આવી. આજના આ વિશેષ દિવસે પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે સાયન્સ કોલેજના પ્રોફેસર ડો.વિપુલ પટેલ, કોમર્સ કોલેજના પ્રોફેસર ડો.અરૂણ સિંહ સોલંકી તથા બોટનીના પ્રોફેસર વંદના દ્વારા એક થી ત્રણ નંબરમાં આવેલ સ્પર્ધકોને શીલ્ડ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

આજના આ સુવર્ણ દિવસના કાર્યક્રમની રૂપરેખા અને સંચાલન લો કોલેજના પ્રોફેસર ડો. સતીશ નાગર, ડો. અમિત મહેતા તથા ડો. કૃપા જયસ્વાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૦૬ કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના નવા ૬ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૦૭૧ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૪૮ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલ કેસો પૈકી હાલોલ શહેરમાંથી ૦૩ કેસ તેમજ કાલોલમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલ કેસોમાં ઘોઘમ્બા અને જાબુંઘોડામાંથી ૦૧-૦૧ કેસ મળી આવ્યા છે. આજે કુલ ૦૭ દર્દીઓને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યકિતઓની સંખ્યા ૩૮૮૨એ પહોંચી છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૭૯ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૮૨ કેસ મળી આવ્યા છે.